# “બં. અ. કૃષિ મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા પુલવામાના શહીદોને શ્રદ્ધાંજલી અર્પણ કરાઇ.”

તા. ૧૪-૦૨-’૨૨ ના રોજ બં. અ. કૃષિ મહાવિધાલયના વિદ્યાર્થીઓ દ્વારા પુલવામાં આંતકવાદીઓનાં ષડયંત્રનો ભોગ બનેલા ભારતમાતાના વીર સપૂતોને શ્રદ્ધાંજલી અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તારીખ ૧૪-૨-૨૦૧૯ ના રોજ CRPF નાં કુલ ૪૦ જાંબાઝ જવાનોએ દેશ માટે કુરબાની આપી હતી.

આ શહીદીને ચોથી પુણ્યતિથિએ દેશ માટે સર્વોચ્ચ બલિદાન દેનાર સર્વે વીર જવાનોને ભાવપૂર્વક શ્રદ્ધાં સુમન અર્પણ કરવામાં આવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા મૌન કેન્ડલ માર્ચ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી બં. અ. કૃષિ મહાવિદ્યાલયથી શરુ કરી આણંદ કૃષિ યુનિવર્સિટીના ભવન સુધી યોજવામાં આવી હતી.

આ પ્રસંગે કાર્યક્રમમાં બી. એ. કોલેજ ના વિદ્યાર્થીઓ અને આ.કૃ.યુ. ની અન્ય કોલેજ ના વિદ્યાર્થીઓની સાથે સાથે નિયામકશ્રી ઇન્ફર્મેશન ટેક્નોલોજી, ડૉ. ધવલ આર. કથીરીયા, વિદ્યાર્થી કલ્યાણ નિયામકશ્રી, ડૉ. ડી.એચ.પટેલ, વિદ્યાર્થી પરિષદ સંઘના સભ્યો તેમજ મદદનીશ કુલસચિવશ્રી ઉપસ્થિત રહ્યા હતા. બં. અ. કૃષિ વિદ્યાલયના આચાર્ય અને ડીનશ્રી, ડૉ. વાય. એમ. શુક્લ દ્વારા વિદ્યાર્થીઓને કાર્યક્રમા યોજવા માટે અભિનંદન પાઠવ્યા હતા.

આ કાર્યક્રમ નું સફળ આયોજન બં. અ. કૃષિ મહાવિધાલયના જનરલ સેક્રેટરી ધવલ સાવલિયા દ્વારા કરવામાં આવેલ હતું.





